R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

YEAR-21 • ISSUE: 48. DATE: 01-12-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## તામીલનાડુમાં આંતરજ્ઞાતિય લગ્નથી હિંસા ફાટી નીકળી

દેશમાં આંતરજ્ઞાતિય લગ્નો વધ્યાં છે પરંતુ તેની સામે વિરોધ પણ એટલો વધ્યો છે.તેવું તામીલનાડુંમાં બન્યું.જેમાં એક આંતરજ્ઞાતિય લગ્નને કારણે તામીલનાડુ માં આવેલ ધરમપુરી જીલ્લામાં નાથામ કોન્ડામપટ્ટી અને અન્ના નાગર કોલોનીઓમાં રમખાણ થયું.એક સવર્ણની દીકરીએ દલિત યુવાન સાથે લગ્ન કરતાં,કન્યાના પિતાએ આપધાત કરતાં સમગ્ર મામલો રાઈટ્સમાં ફેરવાઈ ગયો હતો.૨૦૦૦ જેટલા સર્વણોનું ટોળું દલિતોના ઘરો પર તુટી પડ્યું હતું તોડફોડ કરી હતી. અને કિંમતી સરસામાન લુંટી લેવામાં આવ્યો હતો.

દિવ્યા(૨૦) અને ઈ લાયરાજા (દલિત)એ મંદિરમાં જઈને લગ્ન કરી લીધા હતા.તેનાથી કન્યાના પિતા નાગારાજન જેઓ સેલાનકોટાઈ ખાતે રહે છે અને નાથાન દલિત વસાહતની પાસે તેમનુ ઘર આવેલું છે તેમણે આ લગ્નથી દુઃખી થઈને આપઘાત કર્યો હતો.તેઓ હિંદુ વન્નીયાર હતા અને તેઓ સામાજીક રુઢી રીવાજોને કારણે આ લગ્નથી માનસિક રીતે ત્રાસ પામ્યા હતા.આ વિસ્તારના આઈ જી. ટી.પી. સુંદરમુર્થીએ એક ન્યુઝ પેપરને જણાવ્યુ હતું કે પરિસ્થિતિ કાબુ હેઠળ છે.એક હજાર જેટલા પોલીસમેનો આ વિસ્તારમાં તહેનાત કરવામાં આવ્યા છે.૯૦ જટેલી વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.અને બીજા ૨૧૦ જેટલી વ્યક્તિઓની સામે કેસો નોધવામાં આવ્યા છે.

તામીલનાડુ સરકારે આ પ્રકારની હિંસાથી અસરગ્રસ્ત દલિતોના કુટુંબોને તાત્કાલિક પચાસ હજારની સહાય આપવા જણાવ્યું હતું.જેમના ઘરોને નુકશાન થયું છે અને જેમની ઘરવખરી લુંટાઈ ગઈ છે.મુખ્યમંત્રી સુશ્રી જયલલિતાએ જણાવ્યું હતું કે આ કેસમાં જવાબદારો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.જો કે મદ્રાસ હાઈકોર્ટે સરકારને સુચના આપી છે કે આ કેસ અંગેની તમામ જાણકારી તેઓ કોર્ટને આપે.દલિતો વિરુધ્ધ જે હિંસાની ઘટના બની છે તે બાબતે કોર્ટે સખ્ત પગલાં લેવા માટે તમામ વિગતોની માંગ કરી છે.

આ એક ગંભીર ઘટના છે.તેથી સરકારના ખાસ વકીલ તે બાબતે કોર્ટ સમક્ષ વિગતો રજુ કરશે જેમાં કેસને સબંધિત તમામ વિગતો તેમજ વહીવટી તંત્ર તરફથી ભરવામાં આવેલ તમામ પગલાંની જાણકારી કોર્ટમાં રજુ કરવાની છે.

તમામ તપાસ બાદ તેના પરિણામો ડીવીઝન બેન્ચ ઓફ ચીફ જસ્ટીસ એમવાય ઈકબાલ અને જસ્ટીસ ટીએસ શીવજ્ઞાનમ રજુ કર્યેથી તેઓ તેને તપાસસે.કોર્ટે એ પણ કહ્યુ હતું કે બનાવની તમામ વિગતોની તપાસ ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ દ્વારા જ કરવાની રહેશે.

## દિલ્હીમાં મધર ટેરેસાના જીવન પર એક પ્રદર્શન યોજાયું



મધર ટેરેસાના જીવન પર આધારિત એક પ્રદર્શન દિલ્હી ખાતે યોજવામાં આવ્યુ હતું.ભારતના ભુતપુર્વ ચીફ ઈલેક્શન કમિશ્નર શ્રી નવીન ચાવલાએ તેનું ઉદઘાટન કર્યું હતું.પ્રદર્શનના આયોજકો આર્ટ.આઇ,કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયા અને હંગેરીયન ઈન્ફોરમેશન એન્ડ કલ્ચરલ સેન્ટર,ન્યુ દિલ્હી હતા.

એક સપ્તાહ ચાલેલા આ પ્રદર્શનમાં મધર ટેરેસા પર તૈયાર કરેલી ફિલ્મો પણ બતાવાઈ હતી.જે પ્રસિધ્ધ એવા ફિલ્મકારો દ્વારા બનાવાઈ હતી.કેવીન કોનોર દ્વરા બનાવાયેલ ''ઈન ધ નેઈમ ઓફ ગોડ્સ પુવર'' ઉદ્ઘાટન સમારોહ વખતે બતાવાઈ હતી.મધર ટેરેસાના શિર્ષક સાથે 'કોમ્યુનીકેટર ઓફ કોમપેસન' ૩૫ જેટલા પેઈન્ટીગ મુકવામાં આવ્યા હતા.જે દેશભરના ચિત્રકારો દ્વારા બનાવાયેલા હતા.પેઈન્ટીંગમાં મધર ટેરેસાના ગરીબ લોકો પ્રત્યેનો લગાવ દર્શાવાયો હતો.જે ચિત્રકારોએ આ પેઈન્ટીગ બનાવ્યા હતા તે પૈકીમાં અરુણ દોસ, એમ. સુર્યામુરથી, ફાંસીસ કોડનકનડાથ,શામ અડાઈકલાસામી, ઓગસ્ટીન અન્ના દુરાઈ,અને બીજી કેટલીક જાણીતી હસ્તીઓના હતા.

મધર ટેરેસા માટે બોલતાં શ્રી ચાવલાએ કહ્યું હતું કે મિશનરી ઓફ ચેરીટીના પ્રણેતા શોધકે દરેક વ્યક્તિમાં ઈશ્વરનો વાસ જોયો હતો.તેમણે મધરની બ્લુ કલરની સાડી તેમના માટે અને તેમના સાથી સીસ્ટરો માટે પસંદ કરી હતી તે ખુબજ પ્રખ્યાત બની હતી.પસંદગીના સમયે આ સાડીની કિંમત માત્ર એક રુપીયો હતી અને તે કોલકત્તા મ્યુનીસીપલ સ્વીપર માટેનું યુનીફોર્મમાં વપરાતી હતી.

આર્ચ બિશપ વિન્સટ એમ.કોન્સીસીઓ,ન્યુ દિલ્હીએ આ પ્રસંગે એ બુકલેટનું વિમોચન કર્યુ હતું.જેનું શિર્ષક હતું ' ઉનુમ કોર' જેમાં આર્ટ ઉપર આર્ટીકલ મુકવામાં આવ્યા હતા.પ્રદર્શનમાં મુકાયેલ ચિત્રો,અને ચિત્રકારોના ટુંકાણમાં બાયોડેટા હતા.આર્ચ બિશપે પેઈન્ટીગ બાબતે કહ્યું હતું કે ચિત્રોમાં મધર ટેરેસાની હૃદયની અંગત લાગણીઓ જે હતી તે ચિત્રકારોએ ચિત્રમાં પ્રદર્શિત કરી છે.ડો.તીબોર કોવાસ,ડાયરેકટર, હંગેરીયન કલ્ચરલ સેન્ટર,ઈન્ડો-હંગેરીયન સાસ્કૃતિક આદાન પ્રદાનની પ્રશંસા કરી હતી.

રેવ ડો.પોલ કટ્ટાકરન,નેશનલ કો-ઓર્ડીનેટર એન્ડ સેક્રટરી,આર્ટ.આઈએ જણાવ્યું હતું કે ચર્ચ હંમેશા ઈસુના મુલ્યો આધારિત ચિત્રકળાને પ્રોત્સાહિત કરી છે.જેમાં ચિત્રકારો ગમે તે ધર્મના હોય,તેમનો ઉત્સાહ વધાર્યો છે.આર્ટ આઈને ૨૦૧૦માં સીબીસીઆઈ ઓફીસ ફોર સોશ્યલ કોમ્યુનીકેશન દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવી હતી.આ ફોરમ દ્વારા તમામ ધર્મોમાં વિશ્વાસ ધરાવનારા ચિત્રકારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે અને તેમને વ્યવસાયિક રીતે મદદ કરવામાં આવી છે.મધર ટેરેસાના જીવન પરથી અને તેમના જીવનમાં બનેલ અનેક ઘટનાઓને ધ્યાનમાં રાખીને ચિત્રકારોએ અદ્ભુત ચિત્રો બનાવ્યા હતા તેને પ્રદર્શનમાં મુકવામાં આવ્યા હતા.પ્રદર્શનની મુલાકાતે આવેલા લોકો તેનાથી અભિભુત થયા હતા

## આંધ્રપ્રદેશમાં આવેલ વાવાઝોડાને કારણે ૬૮ હજાર લોકોને સ્થળાંતર કરાયા

આંધ્રપ્રદેશમાં આવેલ નિલમ નામના વાવાઝોડાને કારણે ૬૮ હજાર લોકોને સ્થળાંતર કરાયા હતા અને તેમને માટે ૮૬ જેટલા રાહત કેમ્પો બનાવાયા હતા.શરુઆતના તબક્કામાં નીચાણવાળા વિસ્તારોમાંથી ૧૦ હજાર લોકોને તાત્કાલિક ખસેડવામાં આવ્યા હતા.વાવાઝોડાની સાથે ભારે વરસાદને કારણે લોકોને ખસેડવાની ભારે અગવડ પડી હતી.આંધ્રપ્રદેશના આઠ જેટલા જીલ્લાઓ આ વાવાઝોડાની ઝપેટમાં આવ્યા હતા.ઈસ્ટ ગોદાવરી જીલ્લામાં સૌથી વધારે ખરાબ પરિસ્થતિ હતી.જેમાં આ જીલ્લામાં ૫૦૦ ગામડાઓને વધુ અસર થઈ હતી.આ વિસ્તારોમાં ઘરો,રસ્તાઓ,સંદેશા વ્યવહારની લાઈનો ધોવાઈ ગઈ હતી.બીજા અસરગ્રસ્ત વિસ્તારોમાં શ્રીકકુલમ,વિશાખાપટ્ટમ,ક્રિશ્ના અને ગંતુર મુખ્ય હતા.ભારે વરસાદને કારણે ૨૮ જેટલા લોકોના મૃત્યુ થયા હતા.સીવીલ સપ્લાય મંત્રી ડી.શ્રીધર બાબુએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત કુટુંબોને સરકાર તરફથી ૧.૫૦લાખની સહાય કરવામાં આવશે.ભારે વરસાદને કારણે પાંચ લાખ હેકટરમાં આવેલો પાક ધોવાઈ ગયો હતો.રેલ્વેએ વિશાખાપટ્ટમથી હૈદ્રાબાદ જતી ટ્રેનો રદ કરી હતી.પાડોશી રાજ્ય તામીલનાડુમાં પણ વાવાઝોડાને કારણે ૧૦ લોકોના મોત નિપજ્યા હતા.આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી એન કિરણ રેડ્ડીએ ચીફ સેક્રટરીને સુચનાઓ આપી હતી કે રાહત કાર્યો ઝડપથી કરવામાં આવે અને બચાવ કામગીરીના તમામ ઉપાયો કરવામાં આવે.વાવાઝોડામાં અસરગ્રસ્તોને સરકાર તરફથી એકલાખ ફુડ પેકેટ વહેચવામાં આવ્યા હતા.વાવાઝોડાને કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને પહોચી વળવા માટે ૨૮ રીલીફ ટીમો તૈયાર કરવામાં આવી હતી જેમાં ૬૦ ઈસ્ટન નેવલ કમાન્ડના ખાસ વ્યક્તિઓને મુકવામાં આવ્યા હતા.કે તેઓ બચાવ કામગીરી કરી શકે.વિશાખાપટ્ટમ,અને વેસ્ટ ગોદાવરી વધુ વરસાદને કારણે પ્રભાવિત વિસ્તારો હોવાને કારણે નેવલ કમાન્ડ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી હતી.વડાપ્રધાનશ્રી મનમોહનસિંહે વાવાઝોડાને કારણે ઉભી થયેલ પરિસ્થિતિ બાબતે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી રેડ્ડી સાથે ચર્ચા કરી હતી.તેમજ તેમજ કેન્દ્ર તરફથી તમામ જાતની સહાય કરવાની ખાત્રી આપી હતી.

## અમેરીકાએ ઇશ્વર તરફ પીઠ ફેરવી છે : ફ્રેન્કલીન ગ્રેહામ



ઈવેન્જલીકલ ફ્રેન્કલીન ગ્રેહામે અમેરીકા માટે વેકઅપ કોલ આપ્યો છે અને કહ્યુ છે કે અમેરિકાએ ઈશ્વર તરફ એમની પીઠ ફેરવી છે.તેમણે પ્રેસિડેન્ટ ઓબામાના એજન્ડા તરફ ચેતવણી આપતા કહ્યું છે કે અમેરિકા માટે મોટા પરિવર્તનો આવશે.દરેકે ઉચા કરવેરા ભરવા પડશે.તમને જે વસ્તુઓ સસ્તી મળતી હતી તે તમામ મોધી પડશે.ખ્રિસ્તીઓએ આવનાર તમામ ક્રાઈસીસ માટે નું લાંછનનો હિસ્સો બનવું પડશે.ઈશ્વર પાસે કંન્ટ્રોલ છે પરંતુ જો ખ્રિસ્તીઓ અપસેટ છે તો તેમણે તેમના માટે અપસેટ થવું જોઈએ.

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ચુંટણીનો માહોલ શરુ થઈ ગયો, પહેલા ચરણના ઉમેદવારી ફોર્મ ભરાઈ ગયા,ઉમેદવારો નક્કી કરવાના દરેક પાર્ટીના ડખા દેખાઈ રહ્યા છે.કોણ જીતશે એ તો મતપેટીઓ ખુલશે ત્યારે ખબર પડશે. પરંતુ ફોર્મ ભરાવાની સાથે ઉમેદવારો બળ નક્કી કરવાની મથામણમાં પડી ગયા છે.હજુ સુધી એ નક્કી નથી થઈ શક્યું કે કોણ પાર્ટીનો સાચો ઉમેદવાર હશે.ઉમેદવારો હજુ પણ આશામાં છે કે જોર લગાવવાથી પાર્ટીના ઉમેદવાર તરીકે નામાંકન થઈ શકશે.એકપણ પક્ષ એવો નથી દેખાતો જેમાં સર્વસંમતિથી ઉમેદવાર નક્કી કરી શકાયો હોય.ભાજપમાં પણ ડખા તો છે જ,કંઈક અંશે કેટલીક સીટો પર સીનીયર નેતાઓની ધાકને કારણે એમની પાર્ટીના ઉમેદવારો ઉમેદવારી કરી શક્યા નથી.બધા એવું માને છે કે આપણે ઉમેદવારી કરી એટલે જનતા આપણને જીતાડી દેવાની છે.જનતાનું મન કોણ કળી શક્યુ છે.આ વખતની ચુંટણીમાં દરેક પક્ષ પોતાના ઉમેદવારને જીતાડવા માટે એડીચોટીનું જોર લગાવશે સાથે સાથે એમની જ પાર્ટીના લોકો તેમને હરાવવા પ્રયનશીલ રહેશે.

ભાજપના પ્રમુખને હટાવવા માટે ધીમે ધીમે પક્ષમાંથી લોકો બહાર આવી રહ્યા છે.પક્ષની નીતિ સામે કે નિર્ણયો સામે પક્ષમાંથી  વિરોધ સુર બહાર આવી રહ્યો છે.સીબીઆઈના વડાની નિમણુંક ના પ્રશ્ને ભાજપે કેન્દ્ર સરકાર સામે વિરોધ નોધાવ્યો,ત્યારે પક્ષના અન્ય લોકોએ એ નિમણુંકને આવકારી છે.પક્ષમાં વૈચારિક રીતે મતભેદ બહાર આવી રહ્યા છે.પક્ષની છબી ખરડાઈ રહી છે.જેની અસરો ચુંટણી પર પડી શકે છે.જો કે ભાજપના અધ્યક્ષ ગડકરી સામે બળવો વધુ મજબુત બનશે અને એમને પાર્ટીના પ્રમુખપદેથી હટાવવા પડશે તો પક્ષ માટે કપરા ચઢાણ થશે.સરકારને ઉથલાવવા માટે કેટલાક પ્રકરણોમાં ખોટા આંકડાઓની માયાજાળ બહાર આવી છે.કૌભાડો થયા છે કે નહી તે  નક્કી કરવું મુશ્કેલ બની રહ્યું છે.જો સરકાર સાબિત કરી શકશે કે આ આંકડાઓની માયાજાળ માત્ર સરકારને કૌભાડી જાહેર કરવા અને તેની શાખ લુટવા કરવામાં આવી છે.તો જેઓએ આ માયાજાળ રચી છે તે અને તેમના પક્ષની આબરુના લીરા ઉડી જશે.

## મંતવ્ય

સામાન્ય રીતે સરકારી  નોકરીએ સેવા કરવાનું ઉત્તમ સ્થાન અને તક છે.પરંતુ કેટલાક લોકો તે તક ઝડપી શકતા નથી. કે આર્થિક રીતે સધ્ધર હોવા છતાં પણ પ્રભુના રાજ્યની વૃધ્ધિ માટે  કે તેના મહિમા માટે વપરાતા નથી.પરંતુ બીજા વાનાઓની પાછળ રચ્યા પચ્યા રહે છે.અને રીટાયર્ડ થયા પછી સેવા કરવાના બહાના હેઠળ ચર્ચ અને મંડળી પર પોતાનો કબજો જમાવી દે છે.ત્યારે નડીયાદના શ્રી કે.ડી.મેકવાન રેવન્યુ ખાતામાં- સરકારી નોકરી કરતા હોવા છતાં પણ ઘણા સમયથી નિયમિત રીતે સ્વખર્ચે નવાગામ મુકામે જઈને ચર્ચ ચલાવવાની માનદ સેવાઓ બજાવી રહ્યા છે.પ્રભુના રાજ્યની વૃધ્ધિ માટેની તેમની આ નિસ્વાર્થ સેવા બદલ તેઓ ધન્યવાદને પાત્ર  ઠરે છે. -જયાનંદ એ.ગોહીલ, નડીયાદ

### ભારતીય લશ્કરી તૈયારીઓ અંગે ટીકાઓ ન કરતાં સુચનો કરવા જરુરી

કેટલાક સમાચાર પત્રો તથા મેગેઝીનો વિસ્તારવાદી ચીન સામેની દેશની લશ્કરી તૈયારી અંગે અવારનવાર ટીકાઓ કરે છે.જેનાથી દેશની પ્રજામાં ભય અને નિરાશા વ્યાપે છે.૧૯૬૨ના ચીનના આક્રમણની  ભારતને ન કોઈ જાણ હતી કે ન કોઈ તૈયારી. તેમ છતાં પણ જ્યારે ભારતીય લશ્કરને વળતો હુમલો કરવાની છુટ અપાયી ત્યારે ભારતીય લશ્કરની ખુમારી અને લશ્કરી તાકાત જોઈએ ખુદ ચીનું લશ્કરી પણ આશ્ચર્યચકિત બની ગયેલું હતું.આ ઉપરાંત હમણાં જ ભારતીય હવાઈદળે કહેલ હતું કે જો ભારતીય હવાઈદળને છુટ અપાઈ હોત તો પરિસ્થિતિ કંઈક જુદીજ હોત.તેમ છતાં ભારત પણ વરસોથી તેના લશ્કરી બજેટમાં અનેકગણો વધારો કરી રહ્યુ છે.વળી ભારત જળ,જમીન અને હવાઈક્ષેત્રે એમ ત્રણેય ક્ષેત્રે શક્ય તેટલી રીતે તૈયારી કરી રહેલ છે.આ ઉપરાંત થોડા સમય પહેલાં પ્રસિધ્ધ થયા મુજબ ભારત ચીનને બીજી રીતે નાથવા એક કુટનીતિક ચાલ તરીકે ચીનના તમામ પાડોશી દેશા સાથે તેમજ તેમના સિવાયની તમામ મહાસત્તાઓ સાથે સુમેળભર્યા સબંધો પ્રસ્થાપિત કરી રહેલ છે.ત્યારે તમામ સમાચાર પત્રો,મેગેઝીનોએ,ટી.વી.ચેનલોએ આ મુદ્દે ટીકાઓ ન કરતાં જે બાબતની ખામી જણાતી હોય,જે કરવું જરુરી જણાતુ હોય તે અંગે જ સુચનો કરવા જોઈએ. -જયાનંદ એ ગોહિલ,નડીયાદ

# હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે

'દુઃખમાં જો સુખની અનુભુતિ ઈચ્છો છો તો હસમુખા બનો 'એવી સંતવાણી છે. હાસ્ય માણસના દુઃખને ઓગાળી નાંખે છે. માનસિક કે શારીરીક દુઃખ માણસને ખતમ કરી શકે છે.એમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે.તાણમુક્ત બનીને, હસતા રહો.બેકને કહ્યું છે : 'હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે' જેનો સ્વભાવ હસમુખો છે, એ માણસ પોતાના વિરોધની નકારાત્મક વાતને પણ હકારાત્મક બનાવી દેતો હોય છે.હસમુખો માણસ કયારેય કોઈની વાતનું બુરુ માનતો નથી.તે તો બુરી વાતનો પણ હસવામાં લઈ લે છે.આપણે જાણીએ છીએ કે, ખોટી તાણ અનુભવવાથી આપણા શરીરને જ હાનિ થતી હોય છે.હસવાથી મન-મસ્તિકની તાણ ઓછી થાય છે.જે નિર્દભ અને નિર્દોષ રીતે હસી શકે છે,એના જીવનાં કોઈપણ પ્રકારની તાણ આવતી નથી.કોઈપણ વાતને હસી કાઢવી એ મોટી ઘટના છે.નિર્દોષ હાસ્યથી શું થાય ? થેકરે કહ્યું છે : સારુ નિર્દોષ હાસ્ય ઘરમાં સુર્યની જેમ અજવાળું પાથરે છે.આમાં હાસ્યની જે ક્ષમતા છે એનો નિર્દેશ કર્યો છે.હસતા રહો, જીવતા રહો,એ હાસ્ય કેવું ? માત્ર હોઠોનું કે હૃદયનું ? જે માત્ર હસવા ખાતર હસે છે એવા હાસ્યની જરુર નથી.આપણું હાસ્ય પણ હૃદયમાંથી આવવું જોઈએ. જે બીજાના હૃદયને સ્પર્શી શકે. વિકટર હ્યુગોએ કહ્યું છે : મને હોઠ અને હૃદયને ખોલી દે એવું હાસ્ય પ્રિય છે.તથા એ સમયે દાંત અને આત્માનું દર્શન કરાવે છે.માત્ર દાંત દેખાડવાની વાત નથી.પણ આત્માના પણ એમાં દર્શન થાય,એવા હાસ્યની વાત છે.હાસ્યન પણ એક આભા હોય છે.પ્રભાવ હોય છે.જે માણસ હૃદયના ઉંડાણથી હસે છે,એનો પડઘો સામેના હૃદયમાં પડતો હોય છે.કાર્લાઈલે કહ્યું છે : કોઈપણ માણસ જો દિલ ખોલીનો હસ્યો હોય,બિલકુલ એવો દુરાચારી હોઈ શકે નહી જેનો પુન :સુધાર થઈ ન શકે.પ્રેમથી પશુ-પ્રાણી પણ વશ થાય છે.હાસ્યથી માણસનું હૃદય પરિવર્તન થઈ શકે છે.બીજાના મનમાં વળેલી જે ગાંઠો છે એ છુટી શકે છે.હાસ્યથી તો પુર્વગ્રહો મટી શકે છે.હાસ્ય તો ઉત્તમ ટોનિક છે.હાસ્યથી માણસ જગતમાં લોકપ્રિયતા પામી શકે છે.

સંત પેમનાએ કહ્યું છે : કોઈ કહે કે, જમીન મારી મિલ્કત છે, તો જમીન હસી પડે છે.કંજુસને જોઈને ધન હસી પડે છે.અને રણથી ડરવા વાળાને જોઈ કાળ અટ્ટહાસ્ય કરે છે. માણસને જેવો ભાવ એવી એમની ભાવના. હાસ્યકાર બીજાને હસાવતો હોય છે.પોતે ગંભીર રહેતો હોય છે.જો પોતે જ હસવા માંડે તો હાસ્યની મઝા મરી જાય છે.શિલરે કહ્યું છે : જ્યારે જોકર સ્વંય હસી પડે છે તો હાસ્યની મજા મરી જાય છે.આ તો જોકરની વાત થઈ, પણ સંસારમં જોકર જેવા ઘણા લોકો જોવા મળતા હોય છે.જે પોતે જ હાસ્યનું પાત્ર બનતા હોય છે.હાસ્ય તો નિરાશાની ગર્તામાં ડુબી ગયેલા માણસની આશાનું કિરણ છે.કોઈએ કહ્યું છે : સ્મિત થાકેલા માટે વિશ્રામ છે.હતોત્સાહ માટે દિવસનો પ્રકાશ છે.ઉદાસ માટે ધુપ અને સુખી માટે પ્રકૃતિનો સર્વોત્તમ પ્રતિકાર છે.આપણું એકાદ સ્મિત બીજાને જીંદગી જીવવાનો ટેકો પુરો પાડી શકે છે.શેક્સપિયરે તેથી તો કહ્યું છે કે, તમારે શું જોઈએ છે? જે કાંઈ પણ જોઈએ તે સ્મિતથી પ્રાપ્ત કરો.જોર જુલમથી નહી.કોઈપણ વસ્તુ આપણે જોર જુલમથી મેળવી શકીએ નહી.જોર જુલમથી મેળવેલ લાંબો સમય ટકતી નથી.પણ જે પ્રેમથી મળે છે. તે કાયમી હોય છે.કોઈ દુઃખીને આપણું એકાદ સ્મિત એના જીવનને અજવાળી શકતું હોય તો એનો આનંદ કેવો હોય ? કોઈને તમે કશું જ આપી શકો એમ ન હોવ તો એકાદ સ્મિત આપો. ચાર્લ્સ ડિકન્સ કહ્યું છે : જો આપણે જીવનપંથ પર પુષ્પો બીછાવી ન શકીએ તો ઓછામાં ઓછું સ્મિત પાથરી શકીએ છીએ.સ્મિતનો પ્રભાવ કેટલો મહાન છે. એ એમાંથી પ્રગટ થાય છે.આજના જે યંત્રો ચાલે છે.એમાંથી એકાદ ભાગ જો ખોરવાઈ જાય તો યંત્રની ગતિ બંધ થઈ જાય છે.આપણું શરીર પણ એક યંત્ર છે.હાસ્ય એ યંત્રનો ભાગ છે.તેના અભાવથી જીવનરુપી યંત્ર ખોટકાઈ જાય છે.આપણુ જીવનરુપી યંત્ર ખડકી ના પડે એ માટે તેમાં હાસ્યરુપી દિવેલ ઉંઝતા રહેવું પડે છે.

માણસથી માણસને જોડવાનું કામ હાસ્ય કરે છે.કોઈ અપરિચિત હોય, એની સામે સ્મિત આપો.થોડા સમય પછી તમે એકબીજાની નજીક જશો.હાસ્ય તો જીવનનો બગીચો છે. એમાં આનંદરુપી ફુલો ખીલતા રહે અને આપણા જીવનને સુગંધમય બનાવતા રહે છે.મહાત્મા વોલ્ટને કહ્યું છે : હાસ્ય એક અદ્‌ભુત ઔષધ છે.જે પૌષ્ટીક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે.આ દુઃખી સંસારમાં હાસ્ય સિવાય બીજુ મોટું અસરકારક ઔષધ ક્યું હોઈ શકે ?માણસ જ્યારે ખડખડાટ હસી પડે છે, ત્યારે એના ચહેરા ઉપર ગુલાબના પુષ્પો ઉગી નીકળે છે.જે ચહેરો ક્યારેય હસી ન શકે તે કયારેય ખીલી શકતો નથી.હાસ્ય તો અંતરમાંથી વહેતું ઝરણું છે.ગમે ત્યા જાઓ, જો હસતા રહેશો તો તમને ઘણા લોકો આવકારશે.તમને મળવા તત્પરતા દાખવશે.પણ જો દિવેલ પીધેલા જેવો ચહેરો લઈને ફરશો તો તમારી સામે જોનાર કોઈ જ નહી હોય.વિનોદવૃત્તિ જ જીવનનો રસ છે.એ રસમાં અન્યને પણ ભાગીદાર બનાવો તો એનો આનંદ બેવડાઈ જશે.થેકરે તો કહ્યું છે : હાસ્ય એક અદ્‌ભુત પોષાક છે. જે દરેક જગ્યાએ પહેરી શકાય છે.હાસ્યને ભાષાની જરુર નથી.એ દરેક દેશ-કાળમાં હોઈ શકે છે.હાસ્ય કોઈ તલવારના જોરથી મેળવી શકાતું નથી. હસતા હસતા જે મેળવી શકાય છે એ કાયમી યાદ રહે છે. ધનદોલત હોય, પણ હસી શકતા ન હોય તો એનો શો અર્થ ? રેમંડ હિચકોકે કહ્યું છે : જે વ્યક્તિ મુક્ત રીતે હસી શકે છે તે ગરીબ નથી.વિશ્વમાં હાસ્ય જેવી બીજી કોઈ સમૃધ્ધિ હોઈ શકે જ નહી. હાસ્ય માણસને દિલથી દિલને જોડે છે. પાસે લાવે છે, એકાકાર બનાવે છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# સામાજીક વિષમતા : મબલખ ઉત્પાદન છતાં ભુખને કારણે થતું દરેક બાળક,મહિલા અને પુરુષનું મોત હકીકતમાં હત્યા છે

ભારત પોતાના ઝડપથી વધતાં ઉપભોક્તાવાદી મધ્યમવર્ગની સાથે આર્થિક મહાશક્તિ બનવા માટે આતુર છે.આત્મવિશ્વાસથી ભરપુર આપણા ઉદ્યોગપતિઓ વિદેશી કંપનીઓનું અધિગ્રહણ કરીને દુનિયામાં પોતાની ધાક બેસાડી રહ્યા છે.ફોબ્સની યાદીમાં કુલ પચાસ ભારતીયોને સ્થાન મળ્યું હતું અને દુનિયાના ૧૦૦ સૌથી શ્રીમંત વ્યક્તિઓમાં સાત ભારતીયોનો સમાવેશ થાય છે.તેનાથી ખબર પડે છે કે ભારતમાં ધનકુબેરોની સંખ્યા ઝડપથી વધી રહી છે.જો કે એક સત્ય એ પણ છે કે ભારતમાં જ સૌથી વધુ અભાવગ્રસ્ત લોકો રહે છે.અહીં સૌથી વધુ લોકો ભુખ્યા ઊંઘવા માટે મજબુર છે અને દુનિયાના કોઈપણ દેશની સરખામણીએ આપણે ત્યાં સૌથી વધુ બાળકો કુપોષણનો ભોગ બનેલા છે.આયોજનપંચના તાજેતરના અનુમાન પ્રમાણે ભારતમાં ગરીબીનો આંકડો ૩૬ કરોડનો છે. જેને માટે તેણે ગરીબી રેખાના માપદંડનો ઉપયોગ કર્યો હતો, જે ઘણી હદ સુધી ભુખમરાની રેખા જેવો છે.

ભારતનો વધતો મધ્યમવર્ગ એ વાતનો સ્વીકારવાનો ઈન્કાર કરે છે કે તેમના કરતાં વધુ સંખ્યામાં લોકો આજે પણ નરક જેવું જીવન પસાર કરવા માટે મજબુર છે.અહીં લોકો એવા છે, જેમને પોતાનું અને પોતાના પરિવારનું પેટ ભરવા માટે દરરોજ સંઘર્ષ કરવો પડે છે. થોડા સમય પહેલાં સુધી ઓછામાં ઓછા ગરીબ આપણે ત્યાં હતા.

આપણી ફિલ્મોમાં,કવિતાઓમાં, સાહિત્યમાં, બજેટના ભાષણોમાં કરવામાં આવેલા વચનો અને ચુંટણીના નારાઓમાં અખબારોના અહેવાલોમાં અને ટીવી સ્ક્રિન પર તેમનું અસ્તિત્વ દેખાતું હતું. આજે તેમને અદૃશ્ય માની લેવાયા છે.હવે તેમનું કોઈ જ મહત્વ રહ્યું નથી.

આર્થિક વિકાસના દાયકામાં ભારતે વપરાશની દૃષ્ટિએ થોડી ગરીબી જરૂર ઘટાડી છે, પરંતુ સમાજને વધુ સમાવેશક બનાવવાની અને આર્થિક રીતે અભાવગ્રસ્ત લોકોની દૃષ્ટિએ ગરીબી ઘટી નથી.હકીકતમાં આર્થિક વિકાસની સાથે સામાજિક ભેદભાવ અને વિષમતા વધી છે તથા મહત્વકાંક્ષી મધ્યમવર્ગ માટે ગરીબો ઝડપથી અદૃશ્ય થઈ રહ્યા છે. ભુખને કારણે થતાં મૃત્યુ અંગે આવતાં અહેવાલો થોડા સમય માટે મીડીયાનું ધ્યાન જરૂર ખેંચે છે, જેના પછી તે તુરત જ ચુંટણીનું રાજકારણ ,ક્રિકેટ ,ફેશન, ફિલ્મો,શેરબજાર અને સનસનાટી ફેલાવતાં અપરાધો સાથે સંકળાયેલા સમાચારોમાં લાગી છે.આ પ્રકારના અહેવાલો બાદ સામાન્ય રીતે તંત્ર દ્વારા ગુસ્સો ઠાલવતાં ભુખને કારણે થયેલા મૃત્યુનો ઈન્કાર કરવામાં આવે છે.વિરોધપક્ષ દ્વારા ચતુરાઈપુર્વક તેની ટીકા કરવામાં આવે છે.માતા-પિતા દ્વારા બાળકો વેચી દેવાના સમાચાર આવે છે અને ટીવી પર ફાટેલા કપડાં પહેરેલા માતા-પિતાઓ પોતાના માંદલા બાળકોને હાથમાં લઈને ઊભા હોય એવા ફોટા આવે છે.બસ, ત્યારબાદ ધીમે ધીમે બધું જ ભુલાવી દેવામાં આવે છે.

ભારતમાં ગરીબી ઘટી રહી છે એવું દુનિયાને દેખાડવા માટે સરકાર આંકડાકીય રમત રમે છે.બજેટને સંતુલિત બનાવવા માટે સબસીડી ઘટાડવા,સામાજિક સુરક્ષા,આરોગ્ય સેવાઓ,શિક્ષણ, કૃષિ અને આવાસ વિગેરેમાં જાહેર રોકાણ ઘટાડવાની તરફેણ કરવામાં આવે છે.એ જ રીતે વૈશ્વિક નાણાસંસ્થાઓ દ્વારા સરકારને ભુખમરો ઘટાડવા માટે આંતરરાષ્ટ્રીય બજાર અને વ્યાપારની પહોચ વધારવાથી માંડીને સામાજિક સલામતી માટે જાહેરક્ષેત્રમાં રોકાણમાં ઘટાડો કરવાની સલાહ આપવામાં આવે છે.

ભારતની સૌથી મોટી સંપત્તિ તેની એક અબજથી વધુની વસતી છે. ભારત આ બધાનું પેટ ભરવા માટે પુરતું અનાજ પેદા કરે છે.આટલું મબલખ ઉત્પાદન હોવા છતાં પણ ભુખનો વિરોધાભાસ જોવા મળી રહ્યો છે.૧૯૯૦ના દાયકા સુધી અનાજનું ઉત્પાદન વસ્તી વધારાની સરખામણીએ ઘણુ વધુ હતું.તાજેતરના વર્ષોમાં આર્થિક વિકાસમાં તેજી હોવા છતાં અનાજના ઉત્પાદનમાં ઘટાડો નોધાયો છે. જેને પરિણામે લાખો ભારતીયોને ભુખ્યા રહેવું પડે છે.ભારત પોતાના લોકોનું પેટ એટલા માટે નથી ભરી શકતું કેમકે અહીં લોકોની સંખ્યા વધુ છે અને અનાજ ઘણું ઓછું છે.

આપણી વિષમ સામાજિક અને આર્થિક વ્યવસ્થા તથા એ સાર્વજનિક નીતિઓને કારણે આ નિષ્ફળતા મળે છે. થોડા વર્ષ અગાઉ ભુખ પર આયોજિત એક મિટિંગમાં ઉત્તર પ્રદેશ હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે 'એક એવા દેશમાં કે જયાં અનાજ મબલખ પ્રમાણમાં છે, ત્યાં દરેક બાળક,મહિલા અને પુરુષની ભુખને કારણે થતું મોત હકીકતમાં હત્યા છે ' આ એક સાહસિક નિવેદન હતું. મે દેશમાં અનેક ભાગોમાં ભુખને કારણે થયેલા મૃત્યુના કેસોને તપાસ્યા છે.

આંધ્રપ્રદેશના તેલંગાણામાં આવેલા ગામમાં પણ ભુખને કારણે એક આવી જ વ્યક્તિનું મૃત્યુ થયું હતું.એ વ્યક્તિએ ગામમાં કવરેજ માટે પહોચેલી ટીવી ટીમના સભ્ય સમક્ષ વિનંતી કરતાં જણાવ્યું હતું ભુખને કારણે તેની હાલત ખરાબ છે. અને આ જ સ્થિતિ રહી તો તે ટુંક સમયમાં જ મરી જશે.તેનો આ કિસ્સો રાજ્યમાં ટીવી પર પ્રસારિત પણ થયો હતો.પરંતુ કોઈએ તેના ખબરઅંતર પુછ્યા નહી, ત્રણ મહીના બાદ તે હકીકતમાં ભુખને કારણે મરી ગયો.

મારી નજરે આ એક લાચાર,ગરીબ નાગરિકની હત્યા હતી.ઉદાસિનતા નામના એક હથિયાર દ્વારા જે કોઈ પણ બંદુકની ગોળી કરતાં વધુ ઘાતક છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે કોઈ પણ અધિકારીને પેલી વ્યક્તિના મૃત્યુ માટે સજા આપવામાં આવી ન હતી.

લેખક : હર્ષ મંજર
(સૌ.દિ.ભા.)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
રુબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર
મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮
મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૮૨૫૩૬૯૪૨૦


# ફેસબુક પર મંતવ્ય મુકવા બદલ કરાયેલ ધરપકડ સામે પ્રેસ કાઉન્સીલ ચીફની નારાજગી



પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ચેરપર્સન શ્રી માર્કેન્ડે કાત્જુ દ્વારા શિવસેનાના સુપ્રીમોના અવસાન નિમિત્તે મુંબઈ બંધના એલાન સામે પોતાનું વિચાર મંતવ્ય ફેસબુક પર મુકનાર બે યુવતીઓની મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી તેનો વિરોધ તેઓશ્રીએ કર્યો હતો.

શ્રી કાત્જુના જણાવ્યા પ્રમાણે " મારા મત પ્રમાણે બંધનો વિરોધ કરવાથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોચે છે તે કહેવું ખોટું છે. "મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી પૃથ્વીરાજ ચવાનને લખેલ પત્રમાં આવું લખાયું હતું.

મુંબઈ,મહારાષ્ટ્ર રાજ્યનું પાટનગર અને ભારતની આર્થિક રાજધાની છે.શિવસેના પ્રમુખનું ૮૬ વર્ષની ઉંમરે અવસાન થતા,તેમાં બંધ પાળવામાં આવ્યો હતો.કાત્જુ,સુપ્રીમ કોર્ટના ભુતપુર્વ ન્યાયાધીશ છે.તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને ઉદેશીને એક ઈ-મેઈલ કર્યો હતો.જેમાં મુંબઈ બંધનો ફેસબુક પર વિરોધ કરનાર બે યુવતીઓની પોલીસે ધરપકડ કરી હતી તે ગેરકાયદેસર છે તેવું જણાવ્યુ હતું.તેમના કહ્યા મુજબ વિરોધના બંધ માટે કોઈ પોતાનું મંતવ્ય રજુ કરે તેને ધાર્મિક લાગણીઓ ઘવાઈ છે એવા આરોપસર ધરપકડ કરી ના શકાય.પોલીસે બે યુવતીઓની ફેસબક પર આપેલા મંતવ્યને આધારે ધરપકડ કરી હતી.

કાત્જુએ જણાવ્યું હતું કે ભારતનું બંધારણ દેશના તમામ નાગરિકને વ્યક્તિ સ્વાતંત્રતાનો અને વાણી વિચાર સ્વતંત્રતાનો હક્ક આપે છે.આપણે લોકશાહીમાં જીવીએ છીએ.આપણે સરમુખ્યતારશાહીમાં જીવતા નથી.જેથી આ ધરપકડ કરવામાં આવી છે તે એકદમ ગેરકાયદેસર છે,કેમકે તેમણે કોઈ ગુનો કર્યો નથી.તેમણે મુખ્યમંત્રીશ્રીને ધરપકડ કરનારા પોલીસ અધિકારીઓ સામે ગુનો નોધી તેમની ધરપકડ કરવા જણાવ્યુ હતું.

# કૈરા સોશ્યલ સર્વિસ સોસા. દ્વારા બાળદિનની ઉજવણી

કૈરા સોશ્યલ સર્વીસ સોસા. દ્વારા નારોલ,ગોમતીપુર,સાબરમતી,હાંસોલ તેમજ થલતેજ વિસ્તારના બાળમજુરી કરતા બાળકો સાથે બાળદિનની ઉજવણી કાંકરીયા પ્રાણી સંગ્રહાલયમાં કરવામાં આવી હતી.જેમાં ૨૫૦ બાળકો અને સ્વયંસેવકો હાજર રહ્યા હતા.આ ઉજવણીમાં બાળકોને પ્લે ફોર પીસની રમતો તેમજ એકશન સોંગ કરાવવામાં આવ્યા હતા.તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રાર્થના,ડાંસ,અભિયન ડાંસ, બાળમજુરી તેમજ કોમી એકતા જેવા વિષયો પર નાટક જેવા અલગ અલગ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં બાળકોએ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત કરી તેમજ બોટિંગની મજા માણી હતી.આખો દિવસ આનંદ કરીને બાળદિનની ઉજવણી સાથે આ બાળકોએ બાળપણને માણ્યું હતું.

પ્રેષકઃ સ્ટેલા મેકવાન


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# લોકતંત્રને અસરકારક બનાવવા હજુ ઘણું કરવાનું છે લોકશાહી : મતદાન એ લોકતંત્રની પ્રથમ ચાવી છે કે જેનાથી લોકતંત્રનું પવિત્ર મંદિર ખુલશે

હેરાલ્ડ લાસ્કી અને અમેરીકાના ૧૨માં પ્રમુખ અબ્રાહમ લિંકને લોકતંત્ર શબ્દનો અર્થ આપણને સમજાવ્યો,લોકશાહી એટલે લોકોની,લોકો માટેની, લોકો વડે ચાલતી શાસન વ્યવસ્થા.વિશ્વના ઈતિહાસમાં રાજાશાહી ખત્મ થઈ ગઈ પછી વિશ્વ નવી શાસન વ્યવસ્થાની શોધમાં હતું અને એ શોધની વરસોની ગડમથલ પછી ચિંતકોને લોકશાહી અથવા લોકતંત્રની વ્યવસ્થા હાથ આવી. ૧૯મી સદીમાં કાર્લ માકર્સને લોકતંત્રમાં સંતોષ નહોતો.

કારણ ઔદ્યોગિક ક્રાંતિ પછી શરૂ થયેલા ઔદ્યોગિક વિકાસમાં રાજાશાહી અને સંસ્થાનવાદ સમયની-અસમાનતા ચાલુ રહી. યંત્ર ઉદ્યોગ અને ઉદ્યોગે માલિક અને મજુર અથવા શ્રમજીવી જેવા બે વર્ગો પેદા કર્યા અને સમય જતાં અસમાનતા અને શોષણ વધવા માંડ્યા.આ વિચારધારામાંથી સર્વહારાવર્ગની સરમુખ્યત્યાર શાહીવાળા સામ્યવાદી સમાજની કલ્પના જન્મી ત્યારે પણ કોઈપણ પ્રકારના એક હથ્થુ સત્તાના વિરોધીઓએ એને સ્વીકારવા ઈન્કાર કર્યો અને લોકતાંત્રિક સમાજવાદની ફિલસુફી વિચારી.જેમાં માકર્સની સમાનતા અને લોકતંત્રના મુક્ત સમાજને જોડવા વિચાર્યં. પણ સામ્યવાદી શાસને દયાહીન શાસકવર્ગ અને એની સરમુખ્યત્યારી સ્થાપી,માકર્સને છેહ દીધો.

વિશ્વના આવા રાજકીય પ્રવાહોએ લોકતંત્ર અથવા લોકશાહી શાસન વ્યવસ્થાને સૌથી સારી લોક આધારિત શાસન વ્યવસ્થા તરીકે ઉજાગર કરી. પણ ગાંધીજીને બ્રિટનની સારી ગણાતી લોકશાહી વ્યવસ્થાથી સંતોષ નહોતો. એમને લોકતંત્રમાંની પક્ષીય ઢબે ચલાવાતી શાસન પધ્ધતિમાં વિશ્વાસ નહતો,એમને ડર હતો કે ભારત જેવા વિશાળ,અનેક ભાષા અને ધર્મમાં વહેચાયેલા,અભણ રાષ્ટ્રમાં પક્ષીય પધ્ધતિ વધુ વિકૃતિઓ પેદા કરશે. એમ ન બને એટલે એમના જીવનના અંતિમ દિવસોમાં એમણે ઈચ્છુ હતું કે સ્વતંત્રતા પછી કોગ્રેસને પક્ષ બનાવવાને બદલે સેવા સંસ્થામાં પરિવર્તિત કરાય અને આવી સંસ્થા વિશાળ નિરક્ષર ભારતના ગરીબ લોકોની સેવા કરે,એને સાક્ષર અને અસ્પૃશ્યતા અને કોમવાદ જેવી સંકિર્ણતાથી ઉપર લાવે ત જ લોકતંત્ર જીવંત બની રહેશે.પણ એવું ન બન્યું.બંધારણ ઘડાયું અને ભારતે બંધારણમાં લોકતંત્ર આધારિત ભારતના પ્રજાસત્તાક રાજ્યનો આલેક ઘડ્યો.

સાર્વત્રિક પુખ્ત મતાધિકાર સ્વીકારી ભારતના પ્રત્યેક પુખ્તવયના સ્ત્રી,પુરુષને મતનો અધિકાર આપ્યો.આવા ક્રાંતિકારી પગલાંના સમાવેશના કારણે અને આંબેડકર જેવા આર્થિક અને સામાજિક પરિવર્તનના પુરસ્કૃતકર્તાના હાથે ઘડાયેલા બંધારણના કારણે સમગ્ર વિશ્વ,ભારતની લોકતાંત્રીક વ્યવસ્થા પ્રત્યે માનની નજરે જોતું હતું.૧૯૫૨માં ભારતમાં લોકસભા અને વિધાનસભાની ચુંટણી શાંતિપુર્વક મતદાનથી પુરી થઈ ત્યારે આ માન અનેકગણું વધી ગયું.

ભારતના બંધારણે બક્ષેલા લોકશાહી પ્રજાસત્તાકનું પ્રથમ પગલું પુખ્ત મતાધિકારન અમલ યાને કે મતદાનથી પ્રજાના પ્રતિનિધિની ચુંટણી છે.પણ માત્ર પુખ્ત મતાધિકારવાળા મતદાનથી લોકતંત્ર,જીવંત લોકતંત્ર બની જતું નથી એ આ ૬૦ વરસની ચુંટણી પછી નગ્ન સત્ય સાબિત થયું છે આવી શંકા ગાંધીના મનમાં હશે એટલે જ ગાંધીએ આપણને સ્વરાજ પહેલાં કહેલું કે ક્રાંતિ ઈચ્છતી જગતભરની પ્રજાને મારે કહેવું છે કે જ્યાં સુધી આપણે કોઈ ચોક્કસ પ્રકારની રાજ્યવ્યવસ્થા શોધીશું નહી ત્યાં સુધી ભલે શાંત ક્રાંતિ કરીએ,ભલે સત્તાખોરોને ભગાડીએ,ક્રાંતિ પછી સત્તાનું સુકાન કોણ સંભાળશે એ વિશે વિચારીશું નહિ તો એક શેઠને કાઢીને બીજા તેવા જ શેઠને આપણે માથે બેસાડીશું. ટુંકમાં મતદાન એ લોકતંત્રની પ્રથમ ચાવી છે કે જેનાથી લોકતંત્રનું પવિત્ર મંદિર ખુલશે. આ ચાવીને ખોટી રીતે લગાડીશું તો ભળતી જ વ્યવસ્થામાં આપણે જઈ પડીશું.પાંચ વરસ કશું આસાનીથી નહીં થઈ શકશે.છ દાયકામાં આવું નથી થઈ શક્યું એટલે આપણે ધીમે ધીમે મતદાનથી વિમુખ થઈ રહ્યા છીએ. એટલે ચુંટણી સુધીના દિવસોમાં આજ સવાલને સમજીશું અને વિચારીશું તો ગુજરાતની લોકશાહી ખીલી ઉઠશે ?

આ માટે પ્રથમ, રાજ્ય સરકાર,વહીવટી તંત્ર,ન્યાયતંત્ર અને વિધાનસભા એમ બધા સ્તરે લોકતંત્રને પુરો અવકાશ આપવો પડશે.આ માટે મત સમયે જાતિ,ધર્મથી ઉપર ઉઠવું પડશે અને પછી લોકતંત્રના તમામ અંગોને બંધારણે આપેલા અધિકારો મુક્તપણે ભોગવવા દેવા પડશે.દાખલા તરીકે વહીવટી તંત્રને પહોચવા સચિવાલય માં જવાનો મુક્ત અધિકાર સામાન્ય જનને ન હોય ત તે લોકતંત્ર પર મુળભુત ઘાવ છે. શાસકો બંધુકધારી રક્ષકો વગર સામાન્ય જનની જેમ મુક્ત ફરી શકતા ન હોય તો તે લોકતત્રનો અનાદર છે.

લાંચ રુશ્વતથી સામાન્યજનને બચાવવા લોકયુક્ત કે એવી બીજી સ્વતંત્ર વ્યવસ્થા ન કરાય તો વહીવટી તંત્ર ભ્રષ્ટાચારમાં ડુબશે.સામાય જન પીડાશે.પ્રજાના અરીસા જેવા વિદ્યાનગૃહોની બેઠકો ટુંકી થતી જાય,એમા લવાતા જનહિતના કાયદા ચર્ચા વગર પસાર થઈ જાય.બંધારણની જોગવાઈ પ્રમાણે કામ કરતી, સમિતિઓના અને કેગ જેવી તપાસ સંસ્થાઓના અહેવાલોની ચર્ચા ટાળવા પ્રયાસ થાય તો સમજવું કે લોકશાહી વહીવટ આપખુદી તરફ જઈ રહ્યો છે.

ચુંટાયેલા પ્રતિનિધિઓ પાસે કોઈ પણ પ્રકારની ગેરબંધારણીય સત્ત ા ન હોવી જોઈએ.સ્વર્ગ મળતું હોય તો પણ મતદારે એને ઠોકર મારવા જેવી શક્તિ મતાધિકાર સાથો સાથ પ્રગટ થવી જોઈએ. આવી જાગૃતિ અને શક્તિ પેદા ન થઈ એટલે અત્યારે વિશ્વના મોટા ભાગના દેશમાં લોકતંત્રને લગતા સવાલો ઉકેલવાને બદલે વધતા ગયા.સમૃધ્ધિ અને સત્તા લોકોના હાથમાં જવાને બદલે થોડાક હાથમાં કેન્દ્રીત થઈ અને સામાન્યત જનતાના સૌથી નીચા સ્તરે અસ્થિરતા,મધ્યમવર્ગમાં નિરાશા અને ઉચ્ચ સ્તરે અનિયંત્રિત જેવી સ્થિતિ પ્રવર્તે છે.માત્ર મતદાન નહીં પણ આ વખતે વધુ સમજીને મતદાન કરવું પડશે.

લેખક : સનત મહેતા
(સૌ.દિ.ભા.)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



# પેલેસ્ટાઇનીયન રોકેટસ તેલઅવીવ પર ત્રાટકી રહ્યા છે

ઈઝરાયેલના મુખ્ય શહેર તેલઅવીવ પર પેલેસ્ટાઈનીય મીલીટંટ દ્વારા રોકેટ મારો ચલાવવામાં આવી રહ્યો છે.સીબીએન ના ન્યુઝ પ્રમાણે ઈઝરાયેલી ડીફેન્સ અત્યારે મીલીટંટોની કેપેસીટી ઉપર નજર રાખી રહ્યા છે.અને ઈઝરાયેલના લોકોની રક્ષા કરી રહ્યા છે.સીબીએન સાથે વાત કરતાં લેફ.કર્નલ એવીતાલ લીબોવીચે જણાવ્યું હતું કે તેમણે મીલીટંટોની ૮૫૦ જગ્યાઓ પર હુમલા કર્યા છે.અને ત્યાં ઓછામાં ઓછી નાગરિક હાની થઈ છે.

આઈડીએફ દ્વારા શુક્રવારે ૨૦૦ જગ્યાઓને નિશાન બનાવાઈ હતી. જેમાં આર્મ્સ સ્મલીંગ ટનલો,હમાસ ગર્વમેન્ટ બિલ્ડીંગ,તેમજ હમાસ કમાંડર અને તેમના સિનીયરોના ઘરો પર હુમલા કરવામાં આવ્યા હતા.તેમના જણાવ્યા પ્રમાણે મીલીટંટો દ્વારા ફેકાયેલા ૨૦૦ રોકેટ્સને આંતરવામાં આવ્યા હતા અને નષ્ટ કરવામાં આવ્યા હતા.ઈઝરાયેલના હમાસના ચોક્કસ સ્થાનો પરના હુમલાને કારણે તેઓ સખત દબાણ અનુભવી રહ્યા છે.અને જુઠ પર જુઠ ચલાવે રાખે છે.

૧૬ હજાર સિપાઈઓને તૈયાર રાખવામાં આવ્યા છે જ્યારે તેમની પાસે ૭૫હજાર સિપાઈઓ માટેની પરમીશન છે.સરકાર જમીની હુમલો કરવા માટે વિચાર કરી રહી છે પરંતુ હજુ તે નક્કી નથી.૨૦૧૨ની શરુઆતથી અત્યાર સુધીમાં ઈઝરાયેલ પર ૭૦૦ રોકેટો છોડવામાં આવ્યા હતા.પરંતુ ઈઝરાયેલ ડીફેન્સ ફોર્સે તેનો સફળતા પુર્વક સામનો કર્યો છે.

હમાસના એક નેતાને મારી નાંખ્યા બાદ હમાસે ઈઝરાયેલ પર રોકેટ હુમલાઓ શરુ કર્યા હતા.પરંતુ ઈઝરાયેલના કાઉન્ટર એટેકથી હમાસ પર દબાણ વધી જવાથી તેમણે તાત્કાલિક યુધ્ધ વિરામની જાહેરાત કરી હતી.પરંતુ પરિસ્થિતિ હજુ પણ નાજુક છે.


★ **જાહેરાત માટે સંપર્ક કરો** ★
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.